# ગોંડલ ગુરુકુલના વિદ્યાર્થીઓ માટે સંકલ્પ પ્રોગ્રામમાં જોડાવા માટેની માર્ગદર્શિકા

જય સ્વામિનારાયણ સંકલ્પ ગાર્ડિયન અને સંકલ્પ અભ્યાર્થીઓ,

ગોંડલ ગુરુકુલમાં વિદ્યાર્થીઓને સર્વાંગી ઘડતરના પાઠ શીખાવવામાં આવે છે. જેમાં એક વિશેષ આયામ તરીકે જેમને ભવિષ્યમાં UPSC જેવી સિવિલ સેવા પરીક્ષા પાસ કરી **સમાજ, રાષ્ટ્ર અને સંસ્કૃતિની સેવામાં** જોડાવું હોય તેમના માટે એક વિશેષ આયોજન કરવામાં આવેલ છે.

BAPS વિદ્યામંદિર - ગોંડલ તેમજ BAPS પ્રમુખ અકેડમી દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલું આ નૂતન આયોજન એટલે **- પ્રમુખ સંકલ્પ પ્રોગ્રામ.**

જેના આ પ્રથમ વર્ષ - ૨૦૨૪માં પ્રથમ સત્રમાં સંકલ્પ અભ્યર્થી તરીકે **ગોંડલ ગુરુકુળના ૧૬૦ જેટલા વિદ્યાર્થીઓ** જોડાયા હતા.  આ તમામ વિદ્યાર્થીઓએ પ્રથમ સત્રમાં વિવિધ મોડ્યુલ અંતર્ગત વિવિધ **૦૯ સેશનનો લાભ** પ્રાપ્ત કર્યો:

**૧. Beginning with the Blessings** – જેમાં ગુરુહરિ મહંતસ્વામી મહારાજ પાસેથી આપણે સંકલ્પ-અભ્યર્થીની માનસિકતા કેવી હોવી જોઈએ, તે માટે પાંચ પ્રકારના mindsets શીખ્યા.

**૨. First Step for the Leadership: Read to Lead** – જેમાં આપણે વિવિધ ઈન્ટરવ્યુઝ દ્વારા જીવનમાં વાંચનનું મહત્ત્વ અને સદ્-વાંચનની શરૂઆત કરતા શીખ્યા.

**૩. The virus vs the warriors - The COVID saga** – જેમાં કોરોના તેમજ વેક્સીનની કેસ-સ્ટડી દ્વારા સમજ્યા કે ભારત દેશમાં તે અંગે કેવું સફળતાપૂર્વક આયોજન થયું અને કેવી રીતે થયું.

**૪. Study Effectively: Identify Your Learning Pattern** – જેમાં આપણે Psychometric ટેસ્ટ દ્વારા પોતાના અભ્યાસ કરવાની વ્યક્તિગત શૈલી ઓળખી, તેના આધારે આપણે અભ્યાસ કેવી રીતે કરવો તે શીખ્યા.

**૫. Bangladesh: From Independence to Unrest** – જેમાં ૧૯૭૧ના યુદ્ધથી લઈને સાંપ્રત સમયે પડોશી રાષ્ટ્ર બાંગ્લાદેશની સ્થિતિ વિષે બહુઆયામી જ્ઞાન પ્રાપ્ત કરી આપણા સામાન્ય જ્ઞાનમાં વૃદ્ધિ પ્રાપ્ત કરી.

**૬. Navigating India: A Fun Map Exploration** – ક્વિઝની સાથે રસપ્રદ રીતે ભારત રાષ્ટ્રના વિવિધ રાજ્યો વિષે અવનવી માહિતી પ્રાપ્ત કરી અને વિવિધ પ્રકારના નકશાઓ વિષે ઊંડાણપૂર્વક સમજ વિકસાવી.

**૭. A Smile and a Sorry: Keys to Connection** – કમ્યુનિકેશન સ્કીલના એક મહત્ત્વપૂર્ણ ભાગ તરીકે સ્મિત અને માફી માંગવાનું મહત્ત્વ અનેક આયામોથી સમજ્યા અને તેનું વ્યવહારમાં અમલીકરણ કરતા શીખ્યા.

**૮. Sharpen Your Senses: Mastering Observation Skills** – પ્રભાવી વિચારક બનવાના એક પગથિયા તરીકે નિરીક્ષણ શક્તિ વિકસાવવા માટે પાયાના સ્તરથી જ્ઞાન પ્રાપ્ત કર્યું.

**૯. The Life and Legacy of Gulzarilal Nanda** – જેમાં શાસ્ત્રીજી મહારાજના સમયના હરિભક્ત અને બે વાર કાર્યકારી વડાપ્રધાન રહી ચુકેલા ભારતરત્ન શ્રી ગુલઝારીલાલ નંદાના જીવનમાંથી નેતૃત્વના પાઠ શીખ્યા.

- આ સત્રમાં ગોંડલ ગુરુકુલના સંકલ્પ અભ્યાર્થીઓએ ક્વીઝમાં ખૂબ સારું પ્રદર્શન કર્યું. તેના માટે પ્રમુખ અકેડમી તરફથી આપના માટે સંકલ્પ લાઈબ્રેરીમાંથી પસંદ કરાયેલી **૫ બુક્સ** સામૂહિક રીતે પુરસ્કારસ્વરૂપે મોકલવામાં આવશે. આપ સૌ સંકલ્પ અભ્યર્થીના **certificate of Completion** પણ સ્વામીબાપા એ આફ્રીકાના દારેસલામમાં પ્રસાદીભૂત કર્યા છે, એ પણ આપને મોકલીએ છીએ.
- આગામી સત્રની શરૂઆત હવે આ જાન્યુઆરી મહિનાથી જ થશે. જેમાં Book Summary Writing, Blog Writing, Exam Techniques, Feedback understanding, Internet Surfing, Smart Sleeping, Cleanliness Case study, Officer Talk, Logic Behind Rituals વગેરે જેવા વિષય પર સેશનનો લાભ પ્રાપ્ત થશે. આગામી મહિનાઓમાં આપની પરીક્ષાઓને લક્ષમાં રાખીને સ્ટડી ટેક્નીક્સ સંબંધી કેટલાંક સેશન પણ કરવામાં આવશે.
- આગામી સેશનમાં જોડાવા માટે હવે **ધોરણ – ૬ના વિદ્યાર્થીઓ પણ જોડાઈ શકે છે.** તમામ વિદ્યાર્થી જેઓ આગળના પ્રમુખ સંકલ્પ પ્રોગ્રામમાં જોડાવા માંગતા હોય તેમને નૂતન ફોર્મ ભરવાનું રહેશે. જેની લિંક આ સાથે આપેલ છે. - https://pramukh.academy/pramukh-sankalp-programme/
- આ વખતે વેબ ફોર્મ બનાવવમાં આવેલ છે જે **વાલીઓએ જાતે ભરવાનું રહેશે.** જેમાં પ્રાથમિક માહિતી ભરી submit કરતા આપને **રજીસ્ટર્ડ ઈમેઈલ પર ડોક્યુમેન્ટ અપલોડ** કરવાનું રહેશે. અને તેના પરથી જ ફી ભરવાની રહેશે. ફી પછી તમામ વિદ્યાર્થીઓને **એક રોલ નંબર** પણ મળશે. જેના આધારે આપનો **અસાઈન્મેન્ટનો, Quizનો રીપોર્ટ** પણ બનાવી શકાય.
- આ ફોર્મ ભરવામાં આપે સત્સંગ વિભાગમાં શાળાના નામમાં જઈ - **BAPS Swaminarayan Vidyamandir, Swamishri Gyanjivandasji Gurukul - Gondal (Hostel Student Only)** - પસંદ કરવાનું રહેશે. જેથી આપનું ઈન્ટરવ્યું લઈ અંતિમ પસંદગી ગોંડલ ગુરુકુલ દ્વારા કરવામાં આવશે.
- આ ઓપ્શન select કરવાથી આપને **સત્સંગ વેરીફીકેશન ફોર્મ ભરવું પડશે નહિ.** **Admin તરીકે આપ ગોંડલ ગુરુકુલનું નામ અને નંબર નાખી શકો છો.**
- સંકલ્પ ગાર્ડિયન તરીકે આપ ઘરે જાઓ ત્યારે જે વાલી આપના અભ્યાસનું ધ્યાન રાખવાના હોય અને **જે ઓનલાઈન વાલી મિટિંગમાં જોડાવાના હોય તેનું નામ** રાખવું.
- આવનારા સત્ર માટે આપ **૬ મહિના અથવા ૧ વર્ષની** fees ભરી શકો છો. ૬ મહિના માટે – **રૂ. ૨૦૦૦** અને એક વર્ષ માટે **રૂ. ૩૮૦૦** રહેશે.
- ખાસ નોંધ : આ સત્રમાં આપને **કલર પ્રિન્ટમાં હેન્ડાઉટ પ્રમુખ અકેડમી તરફથી જ આપવાનું નક્કી કરેલ છે**, છતાં તેની ફીઝ અહીં સામેલ કરી નથી.

  ફોર્મ સંબંધી કોઈ પ્રશ્ન માટે અમારા **સંકલ્પ કોર્ડીનેટરનો સંપર્ક** કરશો જે આપને આ સંબંધમાં મદદ કરશે - **95100 60898**